# વણિક કાઉન્સિલ (યુ.કે.) યોજીત 'અંગ દાન' પ્રોજેક્ટની શાનદાર ઉજવણી:


## NHSના અંગ દાનના નવા કાયદાની ઝૂંબેશમાં જૈનોનો સાથ

- જ્યોત્સના શાહ


શ્રી મહેશ ગાંધી


શ્રી સી.બી. પટેલ


લોર્ડ જીતેશ ગઢિયા


શ્રી કિરીટભાઇ મોદી


શ્રી મનહરભાઇ મહેતા


હેરોના મેયર કાઉન્સિલર શ્રી નીતિનભાઇ પારેખ


શ્રી વીરેન્દ્રભાઇ બખાઇ અને શ્રી વિજયભાઇ શેઠ


એન્ડ્રીઆ ટોફા

વણિક કાઉન્સિલ (યુ.કે.)એ રવિવાર ૯જુન ૨૦૧૯ના રોજ નવનાત સેન્ટર, હેઝમાં "અવયવ દાન"ને મહત્વ આપવા સાથે NHSના અંગ દાનના કાયદામાં આવી રહેલ બદલાવ વિષે જાગ્રતતા કેળવવા એક સુંદર કાર્યક્રમનું આયોજન NHS બ્લડ અને ટ્રાન્સપ્લાન્ટના સહયોગથી કર્યું હતું. જેમાં કાઉન્સિલ સાથે સંલગ્ન ૨૮ સંસ્થાઓના અગ્રણીઓ અને શુભેચ્છકોની લગભગ ૪૫૦ની વિશાળ હાજરીએ નવા કાયદાને આવકાર્યો હતો. માનવતાને મહેંકાવતા અને સમાજસેવાની સુવાસ ફેલાવતા આ સુંદર કાર્યક્રમે અંગ દાનની મહત્તા સમજાવી ઉપસ્થિતોને પ્રેરણા આપવાનું પુણ્ય મેળવ્યું. મનોરંજન સાથે મનભાવન ભોજનની મોજ માણવાનો આ કાર્યક્રમ પ્રેરક રહ્યો.

કાર્યક્રમનો શુભારંભ કાઉન્સિલના વાઈસ ચેરમેન શ્રી વિજય શેઠ અને ગૃપે નવકાર મંત્ર, ગાયત્રી મંત્ર અને મૈત્રીભાવનું ઝરણું ...ગીતથી કર્યું હતું.

વણિક કાઉન્સિલના ચેરમેન શ્રી મનહરભાઈ મહેતાએ સહુને આવકારતા કહ્યું કે, "આજનો પ્રસંગ અવયવ દાનના વર્ષ ૨૦૨૦ની વસંત ઋતુમાં આવી રહેલ નવા કાયદા વિષે અને અવયવ દાનની રાહ જોનારા માનવીઓને જીવન દાન આપવા અંગ દાનની તાતી જરૂરિયાત વિષે આપણે સૌ સમજ કેળવીએ એ માટે વણિક કાઉન્સિલ તરફથી ગોઠવવામાં આવેલ છે. આ તકે આપણે અવયવ દાન આપનાર જીવંત વ્યક્તિઓ અને જેમના અવયવો મૃત્યુ બાદ દાનમાં અપાયેલ છે તેમના કુટુંબીજનોનું બહુમાન કરીશું તે ઉપરાંત વણિક સમાજમાં સેવા આપનાર સેવાભાવીઓનું પણ બહુમાન કરીશું."

આ પ્રસંગે અતિથિ વિશેષ **લોર્ડ જીતેશ ગઢીયાએ** એમના વક્તવ્યમાં વણિક કાઉન્સિલે સમયસર આ પ્રોજેક્ટ હાથ ધરી "જીવો અને જીવવા માટે મદદરૂપ બનો"ને સૂત્ર અપનાવ્યું અને 'હેલ્થ કેર' વિષયક વાર્તાલાપોનું આયોજન કરી આદરેલ અભિયાન માટે ચેરમેન શ્રી મનહરભાઇ મહેતા અને કમિટીને બિરદાવી. આ સાથે જ કિડની ફાઉન્ડેશનના ચેરમેન શ્રી કિરીટભાઈ મોદીને એમના પત્ની મીનાબેન મોદીએ કિડની દાન કર્યા બાદ એમને જીવત દાન મળતા તેઓ આ અભિયાનમાં જોડાયા અનેNHSના અંગ દાનના કાયદામાં આવી રહેલા બદલાવનું નેતૃત્વ લઇ જૈન-હિન્દુ ઓરગન ડોનેશનના સ્ટીયરીંગ ગૃપમાં સક્રિય બન્યા એ અભિનંદનને પાત્ર છે એમ જણાવ્યું.

આપણા જૈન અને હિન્દુ મૂલ્યોના પાયામાં વૈદિક વારસામાં "સેવા" અને "દાન"ની ઉદાર પરંપરા મુજબ કોઈપણ જાતની અપેક્ષા વિના દાનની વાત કરાઇ છે. અંગ દાન પણ આપણી આધ્યાત્મિક ફીલોસોફીમાં આવી જાય. શરીર નાશવંત છે, આત્મા અમર છે તો અંગ દાન કરવામાં આપણા સિધ્ધાંતો માર્ગમાં આડે આવતા નથી!

બધી જ સંસ્કૃતિમાં મૃત્યુ એ સંવેદનશીલ મુદ્દો છે. સ્વજનના મૃત્યુના આઘાતજનક સમયે સ્વાભાવિક છે કે, આપણે માનસિક રીતે ભાંગી પડીએ છીએ અને સારા-નરસાનો વિવેક ભૂલી જવાય છે.

આવા સંજોગો ઉભા ન થાય એ માટે અગાઉથી પોતાના મૃત્યુ બાદ અંગ દાન વિષયક ચર્ચા કરી પોતાનો ઈરાદો જણાવી દેવાનો અવસર આ નવા કાયદામાં મળે છે. વધુમાં જણાવ્યું કે, હેલ્થ કેરના કેટલાક પહેલૂઓ તપાસતા અવયવ દાનની રાહ જોતા એશિયનોની સંખ્યા ૩૦% છે એ અસમતુલાને સમતોલ કરવા આપણે જાગ્રત બનવું પડશે.

**એ માટે મારી આપને ત્રણ સરળ અપીલ છે: * મહેરબાની કરીને અવયવ દાન વિષેનો આપનો નિર્ણય રજીસ્ટર કરો. * તમારા કુટુંબીજનો અને મિત્રો સાથે અવયવ દાનના તમારા નિર્ણયની વાત કરો અને અન્યોને જીવન બક્ષવામાં મદદરુપ બનો. * આ સંદેશાનો પ્રચાર વિશાળ પાયે કરો.**

આ વર્ષ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિનું વર્ષ છે અને એમનું સનાતન સૂત્ર " **તમારે વિશ્વમાં જે પણ બદલાવ લાવવો હોય એને મધ્ય નજરે રાખી, મહત્વ આપી એને લક્ષ્ય બનાવાય તો ધાર્યું પરિણામ લાવી શકાય છે.**"

**રીચા શ્રી વાસ્તવે** શિવ ડાન્સ રજુ કરી સભાજનોને મુગ્ધ કરી દીધા હતા.

**હેરોના મેયર** અને નવનાત વણિકના વાઈસ પ્રેસિડેન્ટ **કાઉન્સિલર નીતિનભાઈ પારેખે** અને **કાઉન્સિલર સચિન શાહે** પણ આ અંગ દાનના પ્રોજેક્ટને પોતાનો ટેકો આપતા સભાજનોને અપીલ કરી કે, આપણા નશ્વર દેહને અગ્નિ દાહ આપવા કરતા કોઈને જીવન બક્ષવાના પુણ્ય કાર્યમાં ઉપયોગ થાય તો માનવતા મહેંકી ઉઠે.

**કિડની ફાઉન્ડેશનના ચેરમેન શ્રી કિરીટભાઈ મોદીએ** નવા કાયદાની સમજ આપતા જણાવ્યું કે, નવા કાયદામાં "Opt out'' નો વિકલ્પ છે. જો તમે અંગ દાનની તમારી સંમતિ કે અસંમતિ બાબત રજીસ્ટર નહિ કરાવો તો આપોઆપ અંગ દાનની તમારી સહમતિ છે એમ માની લેવામાં આવશે.

વધુમાં એમણે અંગ દાન માટે રાહ જોનારાઓના આંકડા રજુ કરતા જણાવ્યું કે, એશિયનોને લાંબો સમય અંગ દાતાની રાહ જોવી પડે છે જેથી કેટલાય અધવચ્ચે મોતના મુખમાં ધકેલાઈ જાય છે. કેટલાકને એવો ભય સતાવે છે કે, અંગ દાનની એમણે આપેલ સંમતિને કારણે એમના આરોગ્ય પ્રતિ NHS બેદરકારી સેવે છે એ માન્યતા સદંતર ખોટી છે. કેટલાક માને છે કે, અંગ દાન કરવાથી એમનું ફ્યુનરલ વિધિસર નથી થતું. તો વળી કેટલાક માને છે કે, એક કિડનીના દાનથી બીજા જન્મમાં માત્ર એક કિડની સાથે જન્મ થાય છે... .આ બધી ગેરમાન્યતાઓને રદિયો આપ્યો હતો. આપણા શાસ્ત્રો મુજબ આત્મા અને શરીર બે અલગ છે.

આ નવો કાયદો આવવાથી અવયવોની અછત નહિ રહે અને અકાળે

## જીવિત અને મૃત્યુ બાદ અંગોનું દાન કરી અન્યોને જીવન બક્ષનાર દાતાઓનું સન્માન

**હર્ષાબેન કોઠારીના** પતિશ્રી કિરિટભાઈને પોતાની એક કિડની દાન કરવાનું વિચાર્યું અને ૨૦૧૬માં કિડની આપી ત્યારબાદ સદનસીબે એ બન્નેની તબિયત સારી છે.


શ્રીમતી હર્ષાબેન કોઠારેનું બહુમાન કરી રહેલ શ્રી મનહરભાઇ મહેતા

**પ્રવિણાબેન કોઠારી** : એમણે યુ.એસ.એ.માં રહેતા એમના દિયેર ડો. કિરિટભાઈ કોઠારીને ૨૦૦૯માં કિડની આપી હતી.


શ્રીમતી પ્રવિણાબેન કોઠારીનું સન્માન કરી રહેલ શ્રી રમેશભાઇ શાહ

**ડો. મધુસૂદનભાઈ શાહે** એમના ભાઈ પંકજ શાહને ૨૦૧૫માં નોટિંગહામ સીટી હોસ્પીટલમાં કિડની આપી હતી. બન્ને ભાઈઓની કિડની બરાબર કામ કરે છે.


ડો.મધુસૂદન શાહ (ડાબે)નું બહુમાન કરી રહેલ શ્રી નલિનભાઇ ઉદાણી

**પ્રફુલા શાહ:** ૨૦૧૭માં પ્રફુલાબેને એમની ભાણી શક્તિને નેશનલ લીવીંગ ડોનર કિડની શેરીંગ સ્કીમમાં જોડાઈ જીવત દાન આપ્યું. ૨૦૧૮માં આ સ્કીમમાં દાતા મળતા ૨૪ વર્ષની શક્તિને નવજીવન બક્ષ્યું.


સુશ્રી પ્રફુલાબેન શાહ (ડાબે)નું બહુમાન કરી રહેલ શ્રીમતી વિરાણી.

**મીનાબેન મોદી:** મીનાબેને એમના પતિ કિરિટભાઈને ૨૦૦૧માં કિડની દાન કર્યા બાદ પોતાની હેડ શિક્ષિક તરીકેની કારકિર્દી ચાલુ રાખી. કિડની દાન બાદ વર્ષો સુધી શિક્ષણ કાર્ય ચાલુ રાખવા બદલ એમને OBE એવોર્ડથી નવાજાયાં હતાં. લીસ્ટર હોસ્પીટલમાં ટ્રેઈન્ડ લીવીંગ ડોનર પીઅર સપોર્ટર છે.


શ્રીમતી મીનાબેન મોદી(જમણે)નું બહુમાન કરી રહેલ શ્રીમતી રેણુબેન મહેતા


**વૈશાલીબેન મહેતાએ** એમના પતિ શ્રી મીનેશભાઈને ૨૦૧૦માં કિડની આપવાનો નિર્ણય લીધો, કારણ દાતાની રાહ જુએ તો પોષાય નહિ. કરૂણાભાવ એક જૈન માટે હોવો એ સૌથી સારામાં સારો ગુણ છે.


**શ્રી રોહિત શાહ:** ૫૫ વર્ષની વયે હાર્ટ એટેકને કારણે રોહિતભાઈનું અવસાન થતાં એમની ઈચ્છા મુજબ અંગ દાન કરતા ત્રણ જણને જીવત દાન મળ્યું.


**શ્રીમતી મણિબેન તલાટી:** એક માનવી તરીકે અંગ દાન એ શ્રેષ્ઠ, નિ:સ્વાર્થ દાન છે. એમની આંખો બે અંધ આફ્રિકન મહિલાઓને મળતા એમને દ્રષ્ટિ મળી.


**શ્રી રાજન કોઠારી:** પોતાના મૃત્યુ અગાઉ હંમેશા બીજાના હિતની ખેવના કરતા રાજનની આંખો, ત્વચા અને ટેન્ડોન્સનું દાન કરાયું.


**શ્રી કિરિટ કાંતિલાલ મહેતા:** ૨૦૦૮ માં કિરિટભાઈનું દુ:ખદ અવસાન થતાં એમના અંગ દાનને કારણે ચાર જણને જીવત દાન મળ્યું.


**શ્રીમતી કુંદનબાલા શાહ:** એમની ઈચ્છા મૃત્યુ બાદ પોતાના અંગ દાનથી બીજાને જીવત દાન આપવાની હતી એ મુજબ ૨૦૧૨માં કિડની અને લીવરનું દાન કરાયું.


**શ્રી મુકેશ દોશી:** એમના મૃત્યુ બાદ નેત્ર દાન કરવામાં આવ્યું હતું.


**શ્રી કરન મહેતાનું** ૧૯ વર્ષની વયે ૨૦૧૮માં કાર અકસ્માતમાં મૃત્યુ બાદ કેટલાક અંગોનું દાન કરાયું હતું.